ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### ઝાલોદ તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા 122 કિશોરીઓનું રસીકરણ કરાયું




દાહોદ : ઝાલોદ તાલુકામાં મહિલાઓના સ્વાસ્થ્યને સુરક્ષિત કરવાના ઉમદા હેતુ સાથે ગર્ભાશયના મુખના કેન્સર (Cervical Cancer) સામે રક્ષણ આપતી HPV વેક્સિનનો વિશેષ કેમ્પ યોજાયો હતો.સી.ડી.એચ.ઓ. ડૉ. ઉદય ટીલાવત તેમજ ટી.એચ.ઓ.ડૉ. તુષાર ભાભોરના સીધા માર્ગદર્શન હેઠળ અને તમામ મેડિકલ ઓફિસરોની દેખરેખમાં ઝાલોદ તાલુકાના વિવિધ આરોગ્ય કેન્દ્રો ખાતે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ અભિયાન અંતર્ગત તાલુકાના સબ ડિસ્ટ્રિક્ટ આરોગ્ય કેન્દ્રો (ઝઝ), પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોસ્પિટલ (SDH), સામુહિક (PHC) તેમજ વિવિધ સબ સેન્ટરે ખાતે ૧૪ વર્ષની કિશોરીઓને HPV (હ્યુમન શાંતિ જાળવો Waiting Area of HV થી લઈ પેપિલોમા વાયરસ) વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા હતા. આજ રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકાની કુલ ૧૨૨ બાળકીઓને રસી આપી ગર્ભાશયના કેન્સર સામે સુરક્ષિત કરવામાં આવી હતી.

### હાલોલમાં શરીર સંબંધિત ગુનામાં સર્વેલન્સ ટીમની મદદથી બે આરોપી ઝડપાયા



હાલોલ : હાલોલ શહેરમાં શરીર સંબંધિત ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને ટાઉન પોલીસે ઝડપી પાડ્યા છે. પંચમહાલ જિલ્લામાં આવા ગુનાઓને અટકાવવા માટે પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી, જેના આધારે હાલોલ પોલીસ સક્રિય બની કામગીરી હાથ ધરી રહી છે. નાયબ પોલીસ અધિક્ષક વી.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એ. જાડેજાના નેતૃત્વમાં સર્વેલન્સ ટીમે કાર્યવાહી કરીને હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના આધારે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ધવલભાઈ રાજુભાઈ બારોટ અને રાજેશભાઈ અજયભાઈ બારોટનો સમાવેશ થાય છે. બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા વધુ તપાસ ચાલુ રાખવામાં આવી છે અને જિલ્લામાં આવા ગુનાઓને અટકાવવા માટે સતત નજર રાખવામાં આવી રહી છે.

**આકરી કાર્યવાહી હાથ ધરા રેતી ભરેલા ૯ ડમ્પર ઝડપ્યા**

# દેવગઢ બારિયામાં ખાણ ખનિજ વિભાગની મોટી કાર્યવાહી : 2.10 કરોડનો મુદ્દામાલ સીઝ

**આવનારા** દિવસોમાં પણ આવી જ રીતે આકસ્મિક ચેકિંગ ચાલુ રહેશે



(પ્રતિનિધિ) દેવગઢબારિયા, તા.2

દેવગઢબારિયા તાલુકામાં ખાણ ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર રેતી ખનન સામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ફંગિયા-સાગટાળા રોડ પર વહેલી સવારે સ્પેશિયલ ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરતા ગેરરીતિથી રેતી વહન કરતા કુલ 9 ડમ્પર ઝડપાયા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું કે તમામ ડમ્પરોમાં યોગ્ય પરમિટ વિના અથવા ક્ષમતા કરતાં વધુ રેતી ભરવામાં આવી હતી. જેના આધારે તાત્કાલિક કાર્યવાહી કરીને તમામ વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન અંદાજે 2.10 કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. જેમાં ડમ્પરોની કિંમત સહિત કુલ 2,10,00,000 જેટલો મુદ્દામાલ ગણવામાં આવે છે.

હાલ તમામ વાહનોને સુરક્ષિત સ્થળે મુકવામાં આવ્યા છે અને સંડોવાયેલા માલિકો તથા ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ખાણ ખનિજ વિભાગ દ્વારા જણાવાયું છે કે આવનારા દિવસોમાં પણ આવી જ રીતે આકસ્મિક ચેકિંગ ચાલુ રહેશે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

**આગામી બે દિવસ સુધી કાર્યથી અળગી રહેશે બહેનો**

# સિંગવડની આંગણવાડી વર્કર-હેલ્પરોએ સરકાર સામે બાંયો ચડાવી

પડતર માંગણીઓ સંતોષવા સરકારને ઉગ્ર રજુઆત



(પ્રતિનિધિ) સિંગવડ, તા.18

સરકારને ચેતવણી ભર્યા હુંકાર સાથે આંગણવાડી વર્કર અને હેલ્પરો હવે પોતાના હક્ક માટે એકજુટ થઈ આગળ વધ્યા છે. તારીખ 18 માર્ચથી 20 માર્ચ સુધી આંગણવાડીના કામથી દૂર રહેવાનો નિર્ણય આંગણવાડી વર્કર અને હેલ્પરો દ્વારા જાહેર કરવામાં આવે છે કે તેઓ તારીખ 18 માર્ચથી 20 માર્ચ દરમિયાન રજા રિપોર્ટ મૂકી તમામ કામગીરીથી દૂર રહેશે. સરકાર સામે ગંભીર આક્ષેપો સાથે વર્ષોથી ન્યૂનતમ માનધન છતાં બાળકોના પોષણ માટે પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરાયો 2018-19 ના જૂના દરે આજ સુધી પોષણ આહાર પૂરું પાડવામાં આવે છે માત્ર 19 રૂપિયામાં સુવાવડી માતાઓને જમાડવાની જવાબદારી 2022થી નવા મોબાઈલ આપવાના વચનો છતાં આજદિન સુધી તે મોબાઈલ આપવામાં આવ્યા નથી અને તેમને પોતાની વ્યક્તિગત મોબાઈલ થી કામ કરવામાં આવી રહ્યું છે જ્યારે વ્યવસ્થાની સામે અસંતોષ ઉંચાઈએ પહોંચી ગયો છે

### દાહોદ જિલ્લાના બે લિસ્ટેડ બુટલેગરોને પાસા

દાહોદ : દાહોદ રાઈફલ ક્લબ ના શુટરોનુ સુંદર પ્રદર્શન યોજાયું ગત તારીખ ૭-૮ માર્ચ વડોદરા ખાતે યોજાયેલ ૨૦મી. આરએમ હલાવાઈ શૂટિંગ ચેમ્પિયનશિપ માં દાહોદ રાઈફલ ક્લબ ના કોચ આલમ ખાનનામાગદર્શન હેઠળ ૧૦મીટર પીપ સાઈટ એરમાં કલમ રમેશચંદ્ર સરૈયા એ સુંદર પ્રદર્શન કરી સિલ્વર મેડલ અને આલમખાન એ ૫૦મીટર રાઈફલમાં બ્રોન્ઝ મેટલ આપણા દાહોદ શહેરના નામે કરેલ છે. અને અમદાવાદ ખાતે ૧૪-૧૫ માર્ચ યોજાયેલ ૫મી.કે.જી.પ્રભુ મેમોરીયા શુટીંગ ચેમ્પિયંશિપ-૨૦૨૬ મા ક્લબના શુટર ગૌરવકુમાર ચૌહાણ એ ૧૦મીટર ઓપન સાઈટ એર રાયફલ શુટીંગ સ્પર્ધા શ્રેષ્ઠ સ્કોર કરી સિલ્વર મેડલ મેળવેલ છે અને ૫૦ મીટર રાયફલ શુટીંગમાં આલમખાન એ સુંદર દેખાવ કરી સિલ્વર મેડલ જીતી દાહોદ શહેર ગૌરવ અપાવેલ છે.

**પંચમહાલ ગૌરક્ષક સ્ક્વોડની સફળ કામગીરી**

## ઘુસર રોડ પરથી કતલના ઈરાદે લઈ જવાતા 5 ગૌવંશને ઉગારી લેવાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.18

પંચમહાલ જિલ્લામાં ગૌવંશની હેરાફેરી અને કતલની પ્રવૃત્તિઓ સામે તંત્રએ લાલ આંખ કરી છે. મંગળવારની રાત્રિએ ગૌરક્ષક સ્ક્વોડ અને વેજલપુર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ઘુસર રોડ પરથી ક્રૂરતાપૂર્વક ભરેલા ૫ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે અંધારાનો લાભ લઈ વાહનચાલક નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

ગુપ્ત બાતમીના આધારે વોચ ગોઠવવામાં આવી ગોધરા બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. અને પંચમહાલ ગૌરક્ષક સ્ક્વોડના ઈન્ચાર્જ પી.એસ.આઈ. એચ. આર. જેતાવતને ચોક્કસ બાતમી મળી હતી કે, વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઘુસર રોડ પર વલમપુરી નિશાળવાળા રસ્તેથી એક ટાટા એસી વાહનમાં ગૌવંશને કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા છે. બાતમી મુજબ આ ગૌવંશોને ઘુસર રોડ પરના ઝાડી-ઝાંખરાવાળા જંગલ વિસ્તારમાં કતલ કરવાના હતા.

આ બાતમીના આધારે ગૌરક્ષક સ્ક્વોડ અને વેજલપુર સ્થાનિક સર્વેલન્સ પોલીસની ટીમે સંયુક્ત રીતે વેજલપુર રોડ પર વોચ ગોઠવી હતી.મોડી રાત્રે ૨:૩૦ કલાકે બાતમી મુજબનું ટાટા એસી વાહન આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસને જોઈને વાહનચાલકે ગાડી ઘુસર રોડ પર ડુંગરી ફળિયાના કાચા રસ્તે ભગાવી મૂકી હતી. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા ચાલક વાહનને રસ્તામાં જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.

**પુરવઠા મામલતદાર સ્ટાફ તેમજ પોલીસ વ્યવસ્થા ગોઠવાઇ હતી**

# સંજેલી ખાતે વિવિધ ગેસ એજન્સીઓ પર એલપીજી ગેસ બોટલોનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.18

એલપીજી ગેસ બોટલો લેવા માટે લોકોનો ઘસારો, સંજેલી ખાતે પુરવઠા મામલતદાર ની દેખરેખ સાથે ગેસ બોટલોનું વિતરણ હાલમાં સંજેલી તાલુકામાં પણ ગેસ ની અછત સર્જાવાની અફવાઓ ને લઈને લોકોમાં દોડધામ જોવા મળી રહી છે ત્યારે સંજેલી તાલુકામાં નગર સહિત ગ્રામ્ય વિસ્તારના લોકો એલપીજી ગેસ બોટલો ભરવા માટે વિવિધ એજન્સીઓ પર ઘસારો કરતા જોવા મળી રહ્યો છે

જેમાં સંજેલી અનાજ માર્કેટ ખાતે પણ આવેલ એચપી ગેસ એજન્સી ની ઓફીસ,, તેમજ ઈન્ડિયન ગેસ એજન્સી



ઉપર - ગેસ બોટલો લેવા માટે લોકોનો ઘસારો જોવા મળ્યો હતો ત્યારે સંજેલી પુરવઠા મામલતદાર ટી એચ તડવી તેમજ તેમનો સ્ટાફ પહોંચી અને નિયમો મુજબ કામગીરી બાબતે દેખરેખ સાથે એલપીજી ગેસ બોટલોનું વિતરણ શરૂ કરાવ્યું હતું ત્યારે ગેસ વિતરણ કરવા માટે હાજર સ્ટાફ દ્વારા પણ એલપીજી ગેસ બોટલો વિતરણ કરવા ગેસ બોટલો બુકિંગ ની ચોપડીઓ તેમજ ઓટીપી લખાવનાર ગ્રાહકોને ગેસની ભરેલી બોટલ પૂરી પાડવાની કામગીરી કરવામાં આવી હતી. તેમજ સંજેલી પોલીસ કર્મચારીઓ પણ ગેસની બોટલોના વિતરણ સમયે હાજર રહ્યા હતા.

**દુર્ઘટના બાદ પાલિકાની દોડધામ, જોખમી ગટર ઢાંકવાની કામગીરી હાથ ધરાઈ**

# ખુલ્લી ગટરમાં માણસ ખાબક્યા બાદ કાલોલમાં યુદ્ધના ધોરણે કામગીરી શરૂ

**સ્થાનિકોમાં** રાહત, પરંતુ મોડું પગલું લેવાયું હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) કાલોલ, તા.18

કાલોલના ગધેડી ફળિયા વિસ્તારમાં આવેલી જોખમી ખુલ્લી ગટરમાં એક વ્યક્તિ ખાબકવાની ઘટનાએ પાલિકા તંત્રને હરકતમાં મૂકી દીધું છે. લાંબા સમયથી કરવામાં આવતી રજૂઆતો છતાં કોઈ પગલા ન લેવાતા આખરે દુર્ઘટના બન્યા બાદ તંત્રે તાત્કાલિક કામગીરી શરૂ કરી છે. આ ગટર ઘણા સમયથી રાહદારીઓ અને સ્થાનિક રહીશો માટે જોખમરૂપ બની હતી. તાજેતરમાં બનેલી



ઘટનામાં એક વ્યક્તિ ગટરમાં પડી જતાં વિસ્તારમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. ઘટનાના પડઘા પડતા જ પાલિકા તંત્ર સ્થળ પર દોડી આવ્યું અને ગટરને ઢાંકવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પાલિકા દ્વારા આ નાળાના કાયમી ઉકેલ માટે આયોજન કરાયું છે. પ્રથમ તબક્કામાં વ્યવસ્થિત ડ્રેનેજ નાખવામાં આવશે. ત્યારબાદ ગટરની ઉપર મજબૂત સિમેન્ટ સ્લેબ નાખી તેને સંપૂર્ણપણે ઢાંકવામાં આવશે અને તેના ઉપર પેવર બ્લોક બેસાડવામાં આવશે, જેથી રસ્તા તરીકે પણ તેનો ઉપયોગ થઈ શકે. કાર્યની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્પોરેટર ગોપાલભાઈ પંચાલ, યુવરાજસિંહ રાઠોડ તથા હર્ષદપુરી ગોસાઈએ સ્થળ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે અધિકારીઓને કામગીરી ઝડપથી અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવાની સૂચના આપી હતી.

## દાહોદમાં મહિલા સાથે લૂંટ ચલાવનાર 'બંટી-બબલી' જોડી ગણતરીના કલાકોમાં ઝડપાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.18

ગત 13 માર્ચના રોજ બપોરના સમયે ગોધરા રોડ વિસ્તારના ભરવાડ વાસ વિસ્તારમાં રહેતી સોનલબેન ડામોરને એક અજાણ્યો પુરુષ અને મહિલા મળ્યા હતા. બંનેએ વિસ્તારમાં ખરાબ લોકો ફરી રહ્યા હોવાનું કહી સોનલબેનને પહેરેલા દાગીના ઉતારી થેલીમાં મૂકવા કહ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ સોનલબેનના મોઢા પર પાણી જેવું પ્રવાહી છાંટી તેમને રસ્તાની બાજુએ લઈ જઈ તેમની પાસેથી સોનાની વાળી, નાકનો કાંટો, મંગળસૂત્ર, ચાંદીની વીછુડી તેમજ મોબાઈલ ફોન મળી અંદાજે 78,000ની મત્તા લૂંટી ફરાર થઈ ગયા હતા. ઘટના અંગે સોનલબેન ડામોરે દાહોદ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી




હતી. પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ અને શહેરમાં લગાવવામાં આવેલા નેત્રમ કેમેરાની મદદથી આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી વસીમભાઇ ગુલામભાઈ શેખ (રહે. મહારાષ્ટ્ર) અને સલમા ઈકબાલ કમરૂદ્દીન શેખ (રહે. સુરત) મોટરસાયકલ પર ફરતા ઝડપાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી લૂંટાયેલા દાગીના અને મોબાઈલ ફોન સહિત કુલ 78,000નો મુદ્દામાલ કબજે કર્યો છે.

**તળેટીથી દુધિયા તળાવ સુધી દબાણ દૂર કરવાની કામગીરી શરૂ**

# ચૈત્રી નવરાત્રી પૂર્વે પાવાગઢમાં તંત્ર સજાગ સુરક્ષા અને સ્વચ્છતા માટે સંયુક્ત ડ્રાઈવ

**લાખો** ભક્તોને સુવિધા મળે તે માટે પોલીસ-ફોરેસ્ટ અને વહીવટી તંત્ર સક્રિય

(પ્રતિનિધિ) હાલોલ, તા.18

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આગામી 19 માર્ચથી શરૂ થનારી ચૈત્રી નવરાત્રીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. દર વર્ષે લાખો ભક્તો શ્રી મહાકાળી માતાજીના દર્શનાર્થે ઉમટતા હોવાથી આ વખતે પણ સુરક્ષા, સ્વચ્છતા અને વ્યવસ્થાપનને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તળેટીથી દુધિયા તળાવ સુધીના વિસ્તારમાં દબાણ દૂર કરવા, સફાઈ જાળવવા અને યાત્રાળુઓને સરળ માર્ગ મળે તે માટે પોલીસ, ફોરેસ્ટ વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે કે કોઈપણ પ્રકારની અવરોધક પરિસ્થિતિ ઊભી ન થાય. એસ.ડી.એમ. દ્વારા છાસીયા તળાવ પ્રાથમિક શાળાની મુલાકાત લઈ તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને તમામ વિભાગોને સજાગ રહેવા અને સમયસર પગલાં લેવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.



**ચૈત્રી નવરાત્રી પર્વ નિમિત્તે પાવાગઢ ખાતે ટ્રાફિક નિયમન અંગે જાહેરનામું**

**પાવાગઢ :** આગામી ચૈત્રી નવરાત્રી પર્વને ધ્યાને રાખીને પાવાગઢ યાત્રાધામ ખાતે ભક્તોની ભારે ભીડ ઉમટવાની શક્યતાને પગલે પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ટ્રાફિક નિયમન અને જનસુખાકારી માટે વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વાહનો પર પ્રતિબંધ: પાવાગઢ તળેટીથી માંચી સુધીના રસ્તા પર ભારે તેમજ હળવા તમામ પ્રકારના વાહનો (ટ્રક, ટેમ્પો, લક્ઝરી બસ, ઓટોરીક્ષા, દ્વિચક્રી વાહનો વગેરે) ની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. પ્રવેશ મર્યાદા: હાલોલ ટીમ્બી ત્રણ રસ્તા, જેપુરા ચોકડી, ઢીકવા ચોકડી અને ધનકુવા ચોકડીથી ભારે વાહનો પાવાગઢમાં પ્રવેશ કરી શકશે નહીં. બોડેલીથી હાલોલ અને હાલોલથી બોડેલી તરફ જતાં વાહનો બાયપાસ રોડનો ઉપયોગ કરી શકશે. પાર્કિંગ: કોઈ પણ ખાનગી વાહન માંચી એસ.ટી. સ્ટેન્ડ કે માંચી ચોક વિસ્તારમાં પાર્ક કરી શકાશે નહીં. દર્શનાર્થીઓ 'વડા તળાવ ચોકડી' થી વાહનો સાથે પાવાગઢમાં પ્રવેશ કરી શકશે. પશુઓ દ્વારા અથવા કોઈપણ સાધન દ્વારા માલ-સામગ્રી કે ચીજવસ્તુઓનું વહન કરવા પર તેમજ પશુઓ દોરીને માંચીથી દૂધિયા તળાવ સુધી જવા પર પ્રતિબંધ છે.

**મગલીયાણા રાઉન્ડ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ધામણોદ રોડ પર સપાટો બોલાવ્યો**

# શહેરા વન વિભાગે પાસ-પરમિટ વગર ઈમારતી લાકડા ભરેલી ટ્રક ઝડપી, ૪.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગેરકાયદેસર લાકડા ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને ક્યાં લઈ જવાના હતા તે દિશામાં તપાસ શરૂ

(પ્રતિનિધિ) ગોધરા, તા.18

શહેરા વન વિભાગ દ્વારા ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા માટે હાથ ધરવામાં આવેલા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં. મગલીયાણા રાઉન્ડ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ધામણોદ રોડ પરથી પાસ-પરમિટ વગર લીલા તાજા પંચરાઉ ઈમારતી લાકડા ભરીને જઈ રહેલી એક ટ્રકને ઝડપી



પાડવામાં આવી છે. વન વિભાગે ટ્રક અને લાકડા સહિત અંદાજે રૂપિયા ૪,૨૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરીની પ્રાપ્ત વિગતો મુજબ પરીક્ષેત્ર વન અધિકારી શહેરા આર.વી. પટેલની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન વાઘજીપુરથી નાડા રોડ તરફ જતી વખતે ધામણોદ રોડ પર શંકાસ્પદ જણાતી ટ્રક નંબર જી જે ૦૯ વી/ ૫૬૯૧ને અટકાવી તેની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી વગર પાસ-પરમિટના ગેરકાયદેસર રીતે વહન કરવામાં આવતા પંચરાઉ ઈમારતી લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. આ સમગ્ર કામગીરીમાં મગલીયાણા રાઉન્ડના ઈન્ચાર્જ રાઉન્ડ ફોરેસ્ટર એસ. બી. માલીવાડ તથા ડુમેલાવ બીટના ઈન્ચાર્જ બીટ ગાર્ડ એ. એસ. પરમાર અને વન સ્ટાફ હાજર રહ્યો હતો.

વન વિભાગ દ્વારા મુદ્દામાલ સહિતની ટ્રકને સરકાર હસ્તક કબજે લઈ વધુ તપાસ અર્થે શહેરા રેન્જ કચેરીના કમ્પાઉન્ડ ખાતે ખસેડવામાં આવી છે. આ ગેરકાયદેસર લાકડા ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને ક્યાં લઈ જવાના હતા તે દિશામાં વન વિભાગે આગળની તપાસ તેજ કરી છે.

### દાહોદ જિલ્લાના બે લિસ્ટેડ બુટલેગરોને પાસા હેઠળ જેલમાં ધકેલ્યા




(પ્રતિનિધિ) દાહોદ, તા.18

દાહોદ એલસીબી પોલીસે દેવગઢબારિયા તાલુકાના એક તથા ગરબાડા તાલુકાના એક મળી કુલ બેલિસ્ટેડ બુટલેગરોની દાહોદ એલસીબી પોલીસે અટકાયત કરી એકને પલારા(ભુજ) ખાસ જેલમાં તથા બીજાને ભાવનગર જિલ્લા જેલમાં પોલીસ જાપ્તા સાથે સરકારી વાહનમાં મોકલી આપ્યાનું પોલીસ સમયમાં સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### પંચમહાલમાં શ્રમિકો માટે 'ધન્વંતરી આરોગ્ય રથ'ને લીલી ઝંડી

(પ્રતિનિધિ) ગોધરા, તા.18

પંચમહાલ જિલ્લાના બાંધકામ શ્રમિકોને તેમના કાર્યસ્થળે જ ગુણવત્તાયુક્ત અને ઝડપી આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી, જિલ્લા સેવા સદન ખાતેથી જિલ્લા કલેક્ટર અજય દહિયા દ્વારા 'ધન્વંતરી આરોગ્ય રથ' ને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

**જાહેર નોટિસ**

કેસ નં.૧૦/૨૦૨૬
તા.૧૨/૦૨/૨૦૨૬

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં**

**અરજદાર: પટેલ લીલાબેન નવલાભાઈ**
**રહે. પાણીયા,તા.લીમખેડા,જી.દાહોદ**
**સામાવાળા:- તલાટી કમ મંત્રીશ્રી પાણીયા,તા.લીમખેડા,જી.દાહોદ**
**જન્મ મરણ અધિનિયમની કલમ: 13 (3) મુજબ જન્મની નોંધણી કરવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમા અરજદાર પટેલ લીલાબેન નવલાભાઈનો જન્મ તા.૨૭/૦૬/૧૯૬૯ના રોજ પાણીયા, તા. લીમખેડા જી દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અમે સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધણી તલાટી કમ મંત્રી પાણીયા , તા.લીમખેડા, જી.દાહોદનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી તેથી સદરહું અરજદારને તેમના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ:૧૩(૩) મુજબ અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩-(ત્રીસ) મા કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમા હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબત નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

**આજે તારીખ ૧૨મી માહે ફેબ્રુઆરી સને.૨૦૨૬ ના રોજ મારી સહી નથી કોર્ટનો સિકકો કરી આપ્યો.**

સહી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર,લીમખેડા